# નિયામકશ્રી, શાળાઓની કચેરી,
# બ્લોક નં. ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
# ગુજરાત રાજ્ય, ગાંધીનગર

રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધો.- ૯ અને ૧૦ના ક્રમિક/વધારાના વર્ગો જૂન-૨૦૧૭થી શરૂ કરવા માટે ઓનલાઇન અરજીપત્રક ભરવા માટે નીચે જણાવેલ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

૧. જાહેરાત પ્રસિદ્ધ થયેથી અરજી ફોર્મ ઓનલાઇન ભરવાનું રહેશે. અરજીપત્રકનો નમૂનો નિયામકશ્રી, શાળાઓની કચેરીની વેબસાઇટ www.gserb.org ઉપરથી ડાઉનલોડ કરી મેળવવાનો રહેશે.

૨. ધો.-૯ અને ૧૦ના ક્રમિક/વધારાના વર્ગો માટે ઓનલાઇન અરજીપત્રકમાં સંપૂર્ણ વિગતો ભરીને પ્રિન્ટ મેળવી, અરજીને લગતા દસ્તાવેજી પુરાવાઓ સાથે સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં તા. ૪/૯/૨૦૧૭ થી તા. ૧૪/૯/૨૦૧૭ સુધી રજૂ કરવાની રહેશે.

૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધો.-૯ અને ૧૦ના ક્રમિક/વધારાના વર્ગોની ઓનલાઇન મળેલ અરજી સંદર્ભે સૂચનાનુસાર સ્થળ તપાસ કરીને તા. ૨૨/૯/૨૦૧૭ સુધીમાં નિયામકશ્રી, શાળાઓની કચેરીમાં ફાઇલો રજૂ કરવાની રહેશે.

૪. અરજીપત્રકો ભરવા અંગેની આનુષંગિક સૂચનાઓ www.gserb.org વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે. તેને અનુસરીને અરજીપત્રક ભરવાનું રહેશે.

૫. જે સંસ્થાએ ઓનલાઇન અરજી કરેલ ન હોય તેમજ સમયમર્યાદામાં ચલણ ભરેલ ન હોય તેવી દરખાસ્તોને ધ્યાને લેવામાં આવશે નહિ.

૬. નિયત ફી રૂા. ૨૫૦૦/- ચલણથી સરકારશ્રીમાં ભરીને અસલ ચલણ અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

૭. સમયમર્યાદા બહાર આવેલ અરજીઓ તથા બારોબાર નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને મોકલાવેલ અરજીઓ/ દરખાસ્તો દફતરે કરવામાં આવશે.

(પી. એમ. જોષીયારા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

સ્થળ : ગાંધીનગર.
તારીખ : ૩૦/૮/૨૦૧૭.

માહિતી/૧૪૮૭/૧૭-૧૮